એર એશિયાનું ઈન્ડોનેશિયાથી સિંગાપોર જતું પ્લેન ગુમ

જકાર્તા, તા.૨૮

ઈન્ડોનેશિયાથી સિંગાપોર જઈ રહેલું એર એશિયાની ફ્લાઈટ ગૂમ થઈ ગઈ છે. આ ફ્લાઈટનો નંબર QZ8501 છે. તે ઈન્ડોનેશિયાના સુરબયા શહેરથી ઉડાન ભરી રહ્યું હતું અને સિંગાપોર ખાતે જઈ રહ્યું હતું.

આ ફ્લાઈટે સવારે ૫.૩૦ વાગે ઉડાન ભરી હતી અને ઉડાન ભર્યાના ૪૫ મિનિટ બાદ આશરે ૬.૧૭ વાગ્યે તેણે અટીસી (એર ટ્રાફિક કંટ્રોલ) સંપર્ક ગુમાવી દીધો હતો. આ ફ્લાઈટમાં ૧૫૫ યાત્રીઓ સવાર હતાં. જયારે ૭ ક્રૂ મેમ્બર્સ હતા. આ સાથે કુલ ૧૬૨ લોકો ગુમ થયા છે. વિમાન સાથેનો સંપર્ક તુટતા પહેલા તેણે રસ્તો બદલ્યો હતો તેથી આ આખો મામલો ચિંતાનો વિષય બની જાય છે. વિમાન અને એટીસી સાથેની અંતિમ વાતચીતમાં પાયલોટે રસ્તો બદલવાની વાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે આ પહેલાં થોડા સમય પહેલા મલેશિયાનું એમએચ ૩૭૦ ગુમ થયું હતું અને તેનો હાલ સુધી કોઈ પત્તો મળ્યો નથી. રડાર પરથી પેસેન્જર વિમાન ગુમ થયા હોય તેવી વર્ષ ૨૦૧૪ની આ ચોથી ઘટના છે. અગાઉ મલેશિયન એરલાઈન્સના વિમાન MH370 અને MH17 રડાર પરથી ગાયબ થયા હતા.તે સિવાય એર અલ્જેરની ફ્લાઈટ ૫૦૧૭ પણ અલ્જેરિયા જતી વખતે માલીમાં ક્રેશ થઈ હતી.

મિડીયા રિપોર્ટ અનુસાર એર એશિયાનું વિમાન છેલ્લી વખત જાવા સમુદ્ર પર જોવા મળ્યું હતું. ગુમ થયેલા વિમાનના ૧૫૫ મુસાફરોમાં ૧૩૮ વયસ્કો, ૧૬ કિશોરો અને એક બાળકનો સમાવેશ થાય છે.

ભારતના આઠ વિકેટે ૪૬૮ રન : કોહલી-રહાણેની સદી

મેલબોર્ન,તા. ૨૮

મેલબોર્ન ક્રિકેટ મેદાન ખાતે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચના આજે ત્રીજા દિવસે રમત બંધ રહી ત્યારે ઓસ્ટ્રેલિયાના પ્રથમ દાવમાં ૫૩૦ રન ઓલઆઉટના જવાબમાં ભારત તેના પ્રથમ દાવમાં આઠ વિકેટ ગુમાવીને ૪૬૨ રન કર્યા હતા. આજની રમતની મુખ્ય વિશેષતા વિરાટ કોહલીના શાનદાર ૧૬૯ રન અને રહાણેના શાનદાર ૧૪૭ રન રહ્યા હતા. જો કે નિર્ણાયક કલાકોમાં ભારતે આજે ફરી એકવાર કંગાળ રમત રમી હતી. જેના કારણે ભારતે તેની છેલ્લી પાંચ વિકેટ માત્ર ૫૩ રનમાં ગુમાવી દીધી હતી. રહાણે અને વિરાટ કોહલીએ રેકોર્ડ ૨૬૨ રનની ભાગીદારી નોંધાવી હતી. રહાણે ૧૭૧ બોલમાં ૧૪૭ રન કરી આઉટ થયો હતો. જ્યારે વિરાટ કોહલીએ ૨૭૨ બોલમાં ૧૬૯ રન કર્યા હતા. તેમની જોરદાર બેટિંગ સામે ઓસ્ટ્રેલિયાના બોલર ફ્લોપ રહ્યા હતા. જો કે ભારતે છેલ્લી પાંચ વિકેટ ૫૩ રનમાં ગુમાવી દેતા મેચ ફરી રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ હતી. શરૂઆતની બન્ને ટેસ્ટ મેચમાં જીત મેળવીને ઓસ્ટ્રેલિયા ભારત પર ૨-૦ની લીડ ધરાવે છે. ઓસ્ટ્રેલિયાએ એડિલેડ ખાતે ભારત પર ૪૮ રને રોમાંચક જીત મેળવી લીધી હતી.જ્યારે બ્રિસ્બેનમાં રમાયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત પર ચાર વિકેટે જીત મેળવીને શ્રેણીમાં ૨-૦ની મહત્વપૂર્ણ લીડ મેળવી લીધી હતી.બન્ને ટેસ્ટમાં હાર ખાધા બાદ ભારતીય ટીમ પર જીત મેળવવા માટે હવે ખુબ દબાણ છે.સમગ્ર ટેસ્ટ શ્રેણી ખુબ રોમાંચક બની ગઈ છે. વિરાટ કોહલીએ આ ટેસ્ટ શ્રેણીમાં ત્રીજી ટેસ્ટ સદી કરી હતી. મુરલી વિજય આજે ૬૮ રન કરી આઉટ થયો હતો. જો કે ત્યારબાદ કોહલી અને રહાણેએ બાજી સંભાળી લીધી હતી બન્નેએ જોરદાર બેટિંગ કરીને ઓસ્ટ્રેલિયા પર દબાણ વધારી દીધુ હતુ. ઓસ્ટ્રેલિયા તરફથી અંતે ફરી વાપસી થઈ હતી. હેરિસે ૬૯ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. ભારતના પુછડિયા બેટ્સમેનો ફરી ફ્લોપ રહ્યા હતા. રહાણે અને કોહલીએ ૨૬૨ રનની ભાગીદારી નોંધાવતા ઓસ્ટ્રેલિયન કેપ્ટન સ્મીથની સસ્તામાં ભારતને આઉટ કરવાની આશા પર પાણી ફરી વળ્યું હતુ. કોહલી અને રહાણે બન્નેને સારી તકો મળી હતી. બીજી બાજુ ધોની ફરી ફ્લોપ રહ્યો હતો. વિરાટ કોહલીના વધતા જતા કદને લઈને ધોની પર હવે દબાણ વધી રહ્યુ છે.

ઝારખંડના મુખ્યપ્રધાન તરીકે રઘુવરદાસની તાજપોશી

રાંચી,તા. ૨૮

ઝારખંડના નવા મુખ્યપ્રધાન તરીકે આજે રવિવારે રઘુવરદાસની તાજપોશી કરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. રઘુવર દાસ રાજ્યના પ્રથમ બિનઆદિવાસી મુખ્યમંત્રી બન્યા છે. રાજ્યપાલ સૈયદ અહેમદ દ્વારા રઘુવરદાસને રાંચી સ્થિત ફુટબોલ મેદાનમાં હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ ગાળા દરમિયાન ચાર અન્ય મંત્રીઓએ પણ શપથ લીધા હતા જેમાં ત્રણ ભાજપ અને એક ઓલ ઝારખંડ સ્ટુડન્ટ યુનિયનના ધારાસભ્ય છે. ભાજપના મંત્રી નિલકાંતસિંહ મુંડા, સીપી સિંહ અને લુઈસ મરાંડીએ શપથ લીધા હતા. જયારે ઓલ ઝારખંડ સ્ટુડન્ટ તરફથી ચંદ્રપ્રકાશે શપથ લીધા હતા. શપથવિધિ કાર્યક્રમમાં છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ, કેન્દ્રીય પ્રધાન વેંકૈયા નાયડુ અને નીતિન ગડકરી ઉપસ્થિત રહ્યા હતા. ઝારખંડમાં કેબિનેટનું સંખ્યાબળ ૮૧ છે. લઘુત્તમ ૧૨ સભ્યો

રાખવા પડે તેવી સ્થિતિ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શપથવિધિની તમામ તૈયારીઓ ગઈકાલે જ કરી લેવામાં આવી હતી. જમશેદપુર પૂર્વના પાંચ વખતના ભાજપના ધારાસભ્ય હવે તેમની કુશળતા મુખ્યપ્રધાન તરીકે સાબિત કરવા તૈયાર થયા છે. રાજ્યમાં પ્રથમ વખત એક બિન આદિવાસી નેતા રાજયના મુખ્યપ્રધાન તરીકની જવાબદારી સંભાળી ચુકયા છે. આગામી દિવસો રઘુવર દાસ માટે પડકારરુપ રહી શકે છે. કારણ ઝારખંડમાં ૨૬ ટકા વસતી આદિવાસીઓની છે. શપથ વિધિને લઈને તમામ સુરક્ષા વ્યવસ્થા પણ મજબુત કરવામાં આવી હતી. બિન આદિવાસી નેતાને મુખ્યપ્રધાન બનાવીને ભાજપે એક નવી ચર્ચા છેડી દીધી છે. રઘુવરદાસ શુકવારે ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચુંટાઈ આવ્યા હતા. પુર્વીય જમશેદપુરમાંથી પાંચ વખતના ધારાસભ્ય દાસે ઝારખંડના ૧૦માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. હજુ સુધી આદિવાસી સમુદાયમાંથી જ મુખ્યમંત્રી બન્યા હતા. ભૂતકાળમાં ભાજપે પણ બે આદિવાસીઓને મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપી હતી. જેમાં બાબુલાલ મારંડી અને અર્જુન મુંડાનો સમાવેશ થાય છે. જેએમએમના નેતાઓ સીબુ સોરેન, હેમંત સોરેન, મધુ કૌડા પણ આદિવાસી નેતાઓ રહ્યા છે જે ૧૪ વર્ષ અગાઉ રાજ્યની રચના થયા બાદથી મુખ્યમંત્રી રહી ચુકયા છે. રાજ્યમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે સ્પષ્ટ બહુમતિ મેળવી લેવામાં સફળતા મેળવી હતી. મોદી લહેર વચ્ચે અન્ય રાજકીય પક્ષોનો સફાયો થયો હતો. રઘુવરદાસ ૧૯૮૦માં ભાજપની રચના બાદથી સભ્ય તરીકે રહ્યા છે. તેઓ ભાજપના બે વખત પ્રદેશ અધ્યક્ષ પણ રહ્યા છે.

સ્પાઈસ કટોકટીમાં ૫૦ કેપ્ટનને નોકરી છોડવા સુચન

મુંબઈ,તા. ૨૮

લો કોસ્ટ એરલાઈન સ્પાઈસ જેટ હાલમાં નાણાંકીય કટોકટીમાં છે. જેથી ખર્ચમાં કાપ મુકવા અને મર્યાદિત વર્કફોર્સમાં રહીને કામ કરવાના હેતુથી સ્પાઈસે એક મહિનાની અંદર જ તેના ૫૦ કેપ્ટનને નોકરી છોડી દેવાની સુચના આપી દીધી છે. સ્પાઈસ હાલમાં ખુબ મુશ્કેલીમાં છે. તેની અનેક ફ્લાઈટો બંધ હાલતમાં છે. આવી સ્થિતીમાં તે અસ્તિત્વને ટકાવી રાખવા માટે કેટલાક પગલા લેવામાં વ્યસ્ત છે. આ બાબતને ધ્યાનમાં લઈને જ કેપ્ટનને નોકરી છોડી દેવા માટે કહેવામાં આવ્યું છે. એક પાઈલોટે માહિતી

આપતા કહ્યું છે કે નોટીસ ગાળા તરીકે ડીજીસીએ દ્વારા છ મહિનાની મહેતલ નક્કી કરવામાં આવી છે પરંતુ સ્પાઈસે ૩૦ દિવસમાં નોકરી છોડવા માટે સુચના આપી છે. બીજી બાજુ સ્પાઈસ જેટના ચીફ ઓપરેટિંગ ઓફિસર સંજય કપુરે માહિતી આપતા કહ્યું છે કે કંપની છોડવા ઈચ્છુક પાઈલોટને લેખિતમાં કંપનીને જાણ કરવા સુચના આપી છ. તેમણે કહ્યું હતું કે હાલમાં અનેક વિકલ્પ પર અમે કામ કરી રહ્યા છીએ. પરંતુ વાસ્તવિકતા એ પણ છે કે અમારી પાસે વધારાના પાઈલોટ છે. કોઈ પણ અંતિમ નિર્ણય લેતા પહેલા અમે વધારાની તમામ માહિતી મેળવી રહ્યા છીએ નાગરિક ઉડ્ડયન મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે રોકાણકારો કંપનીમાં ૧૨૦૦ કરોડ રૂપિયા ઠાલવવા માટે તૈયાર છે.

વર્તમાન પ્રમોટર કલાનિધી મારન છેડો ફાડે તેવી શક્યતા દેખાઈ રહી છે. સ્પાઈસ લો કોસ્ટના ક્ષેત્રમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે પરંતુ હાલમાં તેની નાણાંકીય હાલત કફોડી બનેલી છે. તેના મોટી સંખ્યામાં કર્મચારીઓ કંપની સાથે છેડો ફાડી ચુક્યા છે. કારણે કે તેના અસ્તિત્વ સામે સંકટના વાદળો ઘેરાયેલા છે. કેટલાક પાઈલોટ પહેલાથી જ અન્ય કંપનીઓમાં નોકરી મેળવી ચુક્યા છે. તેની મોટી સંખ્યામાં ફ્લાઈટ બંધ હાલતમાં છે. કારણ કે ઓઈલ કંપનીઓ ફ્યુઅલ આપવા માટે ઈન્કાર કરી રહી છે.

દિલ્હીમાં વહેલી સવારમાં ધુમ્મસછાયાં વાતાવરણમાં સાયકલ ચાલકો પસાર થઈ રહ્યાં છે. છેલ્લા કેટલાંક સમયથી ઉત્તર ભારતમાં ઠંડીનો પારો ૨.૬ ડીગ્રી સુધી ગગડી જતાં સામાન્ય જનજીવન ખૂબ પ્રભાવિત થયું છે.

મોદી આજે મેક ઈન ઈન્ડિયા પ્લાન અંગે ખાસ બેઠક કરશે

નવી દિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે જ્વેલરી સેક્ટરના લીડરો અને એસોસિએશન સાથે વાતચીત કરનાર છે. આ વાતચીતને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જેમાં મેક ઈન ઈન્ડિયા પ્લાન પર ખાસ ચર્ચા કરવામાં આવનાર છે. મોદીએ મેક ઈન ઈન્ડિયા ઝુંબેશ ઓગષ્ટ મહિનામાં શરૂ કરી હતી. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન વિપુલ શાહે માહિતી આપતા કહ્યું છે કે વડાપ્રધાન દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં વિવિધ પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. દરમિયાન ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ટ્રેડ ફેડરેશનના ચેરમેન હરેશ સોનીએ માહિતી આપતા કહ્યું છે કે સરકાર સ્કીલ ડેવલપેમેન્ટ પર ખાસ ભાર મુકી રહી છે. મેક ઈન ઈન્ડિયાના અભિયાન હેઠળ જે સેક્ટરોની પસંદગી કરવામાં આવી છે તેમાં જ્વેલરી સેક્ટર પર સામેલ છે. જેમ્સ એન્ડ જ્વેલરી ભારતની કુલ નિકાસમા ૧૩ ટકાની ભૂમિકા ધરાવે છે. વિશ્વમાં દરેક ૧૩ ડાઈમન્ડ પૈકી ૧૧ ડાઈમન્ડ ભારતમાં પ્રોસિસ્ડ થાય છે. એટલે કે કટ અને પોલિસ્ડ ભારતમાં થાય છે. વર્ષ ૨૦૧૧-૧૨માં મહત્વના માર્કેટમાં માંગણી ઘટી હતી. મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાની દિશામાં પગલા લેવામાં આવી રહ્યા છે. બેઠકમાં બાગ લીધા બાદ જ સરકાર કેવા પગલા લેવા જઈ રહી છે તે અંગે કોઈ વાત કરી શકાશે. નરેન્દ્ર મોદી જુદા જુદા સેક્ટરોમાં નવા પ્રાણ ફુંકવાના પ્રયાસ કરી રહ્યા છે.

એકેડેમી માટે જમીનની કોઈ માંગણી કરી નથી : તેંદુલકર

નવીદિલ્હી,તા. ૨૮

મહાન ખેલાડી સચિન તેંદુલકરે આજે એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, તે ક્રિકેટ એકેડેમીકની યોજના ધરાવે છે. સાથે સાથે આઈઆઈટી દિલ્હી પાસેથી જમીનની માંગ કરી રહ્યો છે. સચિને કહ્યું હતું કે, એકેડેમી માટે આઈઆઈટી દિલ્હી પાસેથી જમીનની કોઈ માંગ કરવામાં આવી નથી. આ પ્રકારના અહેવાલ બિલકુલ પાયાવગરના છે. ટ્વિટ કરીને સચિન તેંદુલકરે

કહ્યું છે કે, આ પ્રકારની સ્ટોરી વાંચીને તેને પણ આશ્ચર્ય થયું છે. સચિને ખુલાસો કર્યો હતો કે, તેમના નામથી એકેડેમી માટે આઈઆઈટી દિલ્હી પાસેથી જમીનની માંગ કરવામાં આવી છે. તેની એકેડેમી માટેની કોઈ યોજના પણ નથી. કોઈ હેતુ પણ આનો રહ્યો નથી. આઈઆઈટી દિલ્હીના ડિરેક્ટર રઘુનાથ દ્વારા પણ આ અંગે ખુલાસો કરવામાં આવ્યો હતો. સચિન તેંદુલકરે આ અહેવાલને રદિયો આપ્યા બાદ આ સંદર્ભમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. સચિને કહ્યું હતું કે, વાસ્તવિક બાબતોમાં ચકાસણી થઈ રહી છે. કોઈ વ્યક્તિ તેના નામના દુરુપયોગ સાથે આગળ વધવાની યોજના ધરાવે છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી દિલ્હીના ડિરેક્ટર રઘુનાથ ઉપર પણ પૂર્વ ફેકલ્ટીને ૭૦ લાખ રૂપિયા ચુકવી દેવા દબાણ લાવવામાં આવી રહ્યું છે. ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીનો પગાર ડ્યુ રહેલો છે તેવી વિગત પહેલાથી જ સપાટી ઉપર આવી ચુકી છે.

સચિન તેંદુલકરે જમીનની માંગ કરી છે તેવા અહેવાલથી સચિનના ચાહકોમાં પણ ભારે ચર્ચા રહી હતી. જો કે, સચિનને આજે મિડિયા અહેવાલના સંદર્ભમાં ખુલાસો કર્યો હતો અને કહ્યું હતું કે, આ અહેવાલ આધારવગરના છે.

આસામ હિંસા : સંચારબંધી હળવી કરાઈ છતાં તંગદિલી

ગુવાહાટી,તા. ૨૬

આસામમાં બોડો બળવાખોરો દ્વારા વ્યાપક હુમલા કરવામાં આવ્યા બાદ લાદવામાં આવેલી સંચારબંધી આજે થોડાક કલાક માટે હળવી કરવામાં આવી હતી. આસામમાં મોતનો આંકડો વધીને ૮૫ ઉપર પહોંચી ચુક્યો છે. કોકરાઝાર અને સોનિતપુર જિલ્લામાં આજે પણ તંગદિલી રહી હતી. ૨૩મી ડિસેમ્બરના દિવસે ત્રણ જિલ્લાઓમાં આદિવાસીઓને મોટાપાયે મોતને ઘાટ ઉતારી દેનાર બોડો ત્રાસવાદીઓ સામે સેના અને અન્ય સુરક્ષા દળોએ તીવ્ર બનાવ્યું છે. કેન્દ્ર સરકારે આસામમાં અર્ધલશ્કરી દળોની ૫૦ કંપનીઓ મોકલી છે. આસામ-અરુણાચલમાં પણ ઓપરેશન ચાલી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ હુમલા બાદ કેન્દ્ર સરકારની ઉંઘ હરામ થઇ ગઇ છે. કેન્દ્ર સરકાર દ્વારા હવે બોડો બળવાખોરો સામે મોટુ ઓપરેશન હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. આ ઓપરેશનનુ નામ ઓપરેશન ઓલ આઉટ રાખવામાં આવ્યું છે. રાજ્યમાં બોડો બળવાખોરોનો સફાયો કરવાના હેતુથી આ ઓપરેશન હાથ ધરાયું છે. આસામના કોકરાઝાર અને સોનિતપુર જિલ્લામાં નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ (એનડીએફબી)ના બોડો બળવાખારો દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલામાં મોતનો આંકડો વધીને ૮૫ ઉપર પહોંચી ગયો છે.માર્યા ગયેલાઓમાં ૨૧ મહિલા અને ૧૮ બાળકો પણ સામેલ છે. દરમિયાન આસામના ચાર જિલ્લાઓમાં સંચારબંધીને હળવી કરવામાં આવતા સ્થિતિ સુધારવાના સંકેત દેખાઈ રહ્યા છે. હુમલાના મામલે એનઆઇએ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આસામના મુખ્યપ્રધાન તરૂણ ગોગોઇ દ્વારા હિંસાના મામલે તપાસ એનઆઇએ મારફતે કરવામાં આવ્યા બાદ તપાસ શરૂ કરાઇ છે. આર્મીને હિંસાગ્રસ્ત વિસ્તારોમાં યથાવતરીતે રાખવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૩મી ડિસેમ્બરે આ બળવાખોરોએ અંધાધુંધ ગોળીબાર કરીને લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

બળવાખોરોએ આદિવાસી સમુદાયને ટાર્ગેટ બનાવીને આ હુમલો કર્યો હતો. આ હત્યાકાંડ બાદ સમગ્ર આસામમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. અર્ધલશ્કરી દળની વધારાની ટુકડી એઅસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવેલી છે. ગૃહપ્રધાન રાજનાથસિંહ માર્યા ગયેલા આદિવાસીઓના પરિવારના સભ્યોને પણ મળી ચુક્યા છે.

ઇન્ફોસીસની માર્કેટ મૂડી સૌથી વધુ ઘટી

ટોપ ૭ કંપનીઓની મૂડીમાં ૧૮,૪૭૧ કરોડનો ઘટાડો

નવીદિલ્હી,તા. ૨૮

શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન સેન્સેક્સની ટોપની સાત કંપનીઓની સંયુક્ત માર્કેટ મુડીમાં ૧૮૪૭૦.૯૧ કરોડનો ઘટાડો થયો છે. જે ટોપની ૧૦ કંપનીઓ પૈકી સાત કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે તેમાં ટીસીએસ, ઓએનજીસી, આઇટીસી, આરઆઇએલ, ઇન્ફોસીસ, આઇસીઆઇસીઆઇ બેંક તેમજ એચડીએફસીની માર્કેટ મુડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જોકે સીઆઇએલ, એસબીઆઇ અને એચડીએફસી બેંકની માર્કેટ મુડીમાં વધારો થયો છે. છેલ્લા સપ્તાહમાં ઇન્ફોસીસની માર્કેટ મુડીમાં ૫૯૨૦.૩૮ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મુડી ઘટીને હવે ૨૨૩૯૯૨.૩૦ કરોડ થઇ ગઇ છે. ટોપ ટેન કંપનીઓ પૈકી જે કંપનીઓની માર્કેટ મુડીમાં સૌથી વધુ ઘટાડો થયો છે તેમાં ઇન્ફોસીસ પ્રથમ ક્રમાંકે છે. જ્યારે ઓએનજીસીની માર્કેટ મુડીમાં ૪૪૯૧.૬૩ કરોડનો ઘટાડો થયો છે. જેથી તેની માર્કેટ માર્કેટ મુડી ઘટીને ૨૯૪૩૫૧.૬૪ કરોડ થઇ ગઇ છે. જ્યારે આરઆઇએલની માર્કેટ મુડી ૩૬૦૭.૧ કરોડ ઘટીને ૨૮૭૫૯૭.૬૨ કરોડ થઇ ગઇ છે. આવી જ રીતે આઇસીઆઇસીઆઇ`બેંકની માર્કેટ મુડીમાં ૨૫૩૨.૮ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મુડી ઘટીને હવે ૨૦૩૨૬૭.૪૦ કરોડ થઇ ગઇ છે. આઇટીસીની માર્કેટ મુડી ઘટીને ૨૯૩૯૯૨.૧૬ કરોડ થઇ છે. માર્કેટ મુડીની દ્રષ્ટિએ છેલ્લા ઘણા મહિનાથી પ્રભુત્વ ધરાવનાર કંપની ટીસીએસની માર્કેટ મુડી ૬૭૫.૭૬ કરોડ ઘટી ગઇ છે. જેથી તેની માર્કેટ મુડી હવે ૪૯૦૭૫૯.૩૦ કરોડ થઇ ગઇ છે. એચડીએફસીની માર્કેટ મુડી ઘટીને ૧૭૫૧૩૪.૬૯ કરોડ થઇ ગઇ છે. આની બિલકુલ વિરુદ્ધમાં છેલ્લા સપ્તાહના કારોબારમાં એસબીઆઇની માર્કેટ મુડીમાં ૨૫૩૮.૩૫ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ૨૨૯૬૮૩.૨૧ કરોડ થઇ ગઇ છે. આવી જ રીતે એચડીએફસી બેંકની માર્કેટ મુડી વધીને ૧૭૧૫.૪૭ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ૨૨૯૦૨૭.૫૦ કરોડ થઇ ગઇ છે. આવી જ રીતે સીઆઇએલની માર્કેટ મુડી ૮૨૧.૧૩ કરોડ વધી ગઇ છે. જેથી તેની માર્કેટ મુડી વધીને હવે ૨૩૮૬૬૩.૮૩ કરોડ થઇ ગઇ છે. માર્કેટ મુડીની દ્રષ્ટિએ ટીસીએસ પ્રથમ ક્રમાંકે યથાવત છે. ઓએનજીસી હવે ફરી એકવાર બીજા ક્રમાંકે પહોંચી ગઇ છે. છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન સેન્સેક્સમાં ૧૩૦ પોઇન્ટનો ઘટાડો થયો હતો જેથી તેની સપાટી ૨૭૨૪૨ રહી હતી.

નવી દિલ્હીમાં આમ આદમી પાટી દ્વારા ભંડોળ એકત્ર કરવા માટે યોજાયેલ કોફી વીથ કેજરીવાલ કાર્યક્રમમાં એક નાના ભૂલકાંએ પોતાની પિગ્ગી બેન્ક આમ આદમી પાર્ટીને પુનઃ સત્તામાં લાવવા કેજરીવાલને આપી હતી.

સમાચાર ઝલક

- મહિલાઓની બીઆરટીએસ સ્ટેન્ડ પર વોશરૂમની વ્યવસ્થા માટે વ્યાપક ફરિયાદો.
- પ્રવાસી ભારતીય દિવસ અને વાઈબ્રન્ટ સમિટના કારણે ૭ થી ૧૪ જાન્યુઆરી ૨૦૧૫ દરમિયાન અમદાવાદ એરપોર્ટ સૌથી વધુ વ્યસ્ત રહેશે.
- ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસના કારણે રેલ વ્યવહાર ખોરવાયો.
- સલમાન ખાનની બર્થ ડે પર તેના પિતાએ હવામાં ગોળી ચલાવી.
- ૨૦૧૫માં ધમાલ મચાવવા આવ્યું મોદીનું કેલેન્ડર.
- દેશમાં પૂર આવ્યું છે ત્યારે મલેશિયાના વડાપ્રધાન ગોલ્ફ રમવામાં મગ્ન.
- જામનગરમાં મોડી રાત્રે દુકાનના તાળા ફંફોસતા ૩ ઝડપાયા.
- દ્વારકામાં બિમાર મહિલાનો આપઘાત.
- દુબઈમાં બની રહી છે ૫ કિલોમીટર લાંબી દુનિયાની સૌથી લાંબી સોનાની ચેઈન.
- છેલ્લા સાત વર્ષમાં રાજ્ય સરકારે કૃષિમાં ખુબ સુધારા કર્યા : આનંદીબેન